# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજી GIDC ના એક્સપોર્ટર એકમોના તૈયાર પડેલ માલ ટ્રાન્સપોર્ટેશન થી પોર્ટ સુધી પહોંચાડવા માનનીય ઇન્ડસ્ટ્રી કમિશનરશ્રી રાહુલ ગુપ્તા સાહેબ તથા કલેકટરશ્રી રેમ્યા મોહન મેડમ ને કરાયેલ રજુઆત ને સફળતા....

હાલ ભારત દેશ કોરોના મહામારી સામે લડત આપી રહયું છે અને ગુજરાતમાં પણ કરોનાના કેસોની સંખ્યા વધી રહી છે. હાલ ચાલી રહેલ લોકડાઉન દરમ્યાન રાજકોટ ચેમ્બર દ્વારા ઘણા ઔદ્યોગીક એકમોને પોતાના વેપાર-ઉદ્યોગ શરૂ કરવા માટે મંજુરી મેળવવા માટે સહયોગ આપવામાં આવી રહયો છે. ત્યારે એકસપોર્ટરોની ચિંતા વ્યકત કરતા તા.૬-૫-૨૦૨૦ ના રોજ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની અધ્યક્ષતામાં ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા તથા માનદ્ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા દ્વારા ગુજરાત રાજયના ઈન્ડસ્ટ્રી કમિશ્નરશ્રી રાહુલ ગુપ્તા સાહેબ તથા રાજકોટ કલેકટરશ્રી રેમ્યા મોહન મેડમ સાથે મિટીંગ યોજાયેલ. આજી જી.આઈ.ડી.સી. ખાતે જે એકસપોર્ટરોના માલ તૈયાર પડેલ છે તેને ટ્રાન્શપોર્ટમાં માલ ભરી પોર્ટ સુધી પહોંચાડી શકે તે માટે મંજુરી આપવા રજુઆત કરવામાં આવેલ. રાજકોટ ચેમ્બરની રજુઆતને માન આપી આજી જી.આઈ.ડી.સી. સંક્રમિત વિસ્તારની નજીક હોવા છતા આવા ૮ જેટલા એકસપોર્ટર એકમોને પોતાના તૈયાર પડેલ માલને પોર્ટ સુધી પહોંચાડવા માટે ૨ દિવસની મંજુરી આપવામાં આવેલ છે. અને તેનું સુપરવિઝન રાજકોટ કલેકટરશ્રીના નજરગ્રહણ હેઠળ કરવામાં આવશે. આમ રાજકોટ ચેમ્બર દ્વારા સફળ રજુઆત કરવામાં આવેલ છે. તેમજ આજી જી.આઈ.ડી.સી. માં આવા કોઈ એકસપોર્ટર એકમોના માલ તૈયાર પડેલ હોય અને કોઈ તકલીફ હોય તો તેઓએ રાજકોટ ચેમ્બરની ઓફિસનો સંપર્ક સાધવા જણાવેલ છે.